# પ્રશિષ્ટ કૃતિનો આસ્વાદ "વૈષ્ણવજન"

જીતાભાઈ વાલાભાઈ ચૌધરી
જનતા હાઈસ્કૂલ,થરાદ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપની દ્રષ્ટિએ આજના યુગ કરતાં અલગ જ રીતે આપણી સમક્ષ રીતે રજૂ થાય છે. મધ્યકાલીન સાહિત્ય અર્વાચીન યુગના સાહિત્ય કરતાં અલગ જ રીતે અસ્તિત્વ ધરાવતું હતું અને વિકાસ્યૂ પણ હતું. મધ્યકાલીન તમામ સ્વરૂપો અને તેમાં સર્જાયેલ સાહિત્યને જોતાં જો કોઈ સ્વરૂપને એના જમાનાના કવિઓએ – સાહિત્યકારોએ લાડ લડાવ્યા હોય તો તે પદ તરીકે ઓળખાતું લઘુ કાવ્ય સ્વરૂપ હતું. અન્ય ભાષાના સ્વરૂપોની જેમ જ મધ્યકાલીન પદકવિતાની પણ સમૃદ્ધ પરંપરા ગુજરાતી સાહિત્યમાં પણ જોવા મળે છે.

આમ તો 'પદ' એ સંસ્કૃત શબ્દ છે. એનો અર્થ થાય છે ચરણ એટ્લે કે પંક્તિ. બે ચરણ કે બે પંક્તિ મળી એક કડી બને અને એ પંક્તિ કે કડીઓનો સમૂહ એ પદ કહેવાય. આપણે જાણીએ છીએ કે સંસ્કૃત સાહિત્યમાં 'ષતપદી' કે 'અષ્ટપદી' જેવા પદ પ્રકારો પ્રચલિત હતા.અર્થાત પદ એટ્લે બે કે ચાર પંક્તિવાળા મુકતકથી થોડોક વિસ્તાર ધરાવતું કાવ્ય સ્વરૂપ.પરંતુ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિકસેલ પદ એ સંસ્કૃત પદનું સીધું અનુકરણ નથી પણ ઘણી બધી રીતે અલગ પડે તેવું લઘુ અને ગેય કાવ્ય સ્વરૂપ છે.

ઈ.સ.ની 15મી સદીમાં થઈ ગયેલા નરસિંહ મહેતા જુનાગઢના રહેવાસી અને નાગર બ્રાહ્મણ હતા. કૃષ્ણભક્તિમાં તરબોળ નરસિંહ મહેતાએ અનેક પદો,ભજનો પ્રભાતિયા વગેરેની રચના કરેલ અને આજે પણ દરેક ગુજરાતી ઘર અને મંદિરોમાં તેમના ભજનો કે કાવ્યો ગવાય છે. દરેક ભજનમંડળી કે સંત્સગમાં પણ નરસિંહ મહેતાની રચનાઓ આજે પણ લોકપ્રિય છે.

પંદરમા શતકથી પ્રવહમાન થયેલી ભક્તિની ગુજરાતી કાવ્યગંગાનું ગંગોત્રી શિખર નરસિંહ મહેતાની કવિતા છે નરસિંહ ગુજરાતના મધ્યકાલીન તેમજ આજ સુધીના ભકતકવિઓનો શિરોમણી છે.અનુકાલીન ભકિતકવિતા પર એની અસર ઘણી છે.

**વૈષ્ણવજન તો તેને કહીએ,જે પીડ પરાઈ જાણે રે;**
**પર દૂ:ખે ઉપકાર કરે તોયે,મન અભિમાન ન આણે રે.**
**સકળ લોકમાં સહુને વંદે,નિંદા ન કરે કેની રે:**
**વાચ,કાછ,મન નિશ્ચલ રાખે,ધન ધન જનની તેની રે.**
**સમદ્રષ્ટિએ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને મત રે;**
**જીહ્વ થકી અસત્ય ન બોલે,પરધન નવ ઝાલે હાથ રે.**
**મોહ માયા વ્યાપે નહિ તેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે;**
**રામ નામ શું તાળી લાગી,સકળ તીરથ તના તનમાં રે.**

**વણલોભી ને કપટરહિત છે, કામ - ક્રોધ નિવાર્યા રે ,**

**ભણે નરસૈયો તેનું દર્શન કરતાં , કુળ એકોતેર તાર્યા રે .**

આ સમગ્ર પદમાં કવિએ વૈષ્ણવજન એટલે કે વિષ્ણુની ઉપાસના કરનાર "વૈષ્ણવ" કેવો હોય છે અથવા કેવો વ્યક્તિ વૈષ્ણવજન કહેવાય તેનો આબેહૂબ ચિતાર આપ્યો છે. ક્રમબધ્ધ કાવ્યની પંક્તિઓ વાંચતા જઈએ તેમ તેમ કવિ તેના લક્ષણો કે ખાસિયતો જણાવતા જાય છે. સમગ્ર રીતે જોઈએ તો પારકાની પીડા જાણી શકનાર, બીજાનું ભલું કરે પણ તેનું અભિમાન ન કરનાર, બીજાની નિંદા ન કરે તેવો, નિર્મળ મનવાળો, અસત્ય ન બોલે અને પારકાની સ્ત્રીને માતાતુલ્ય માને,લોભ,કામ,કપટ, ક્રોધ જેવા દુર્ગુણો ના ધરાવતો વ્યક્તિ કવિના મતે વૈષ્ણવજન કહેવાય છે. અને આવી વ્યક્તિ એ પોતે જ તીર્થરૂપ હોય છે . જેના દર્શન કરવાથી આપણો પણ બેડો પાર થઈ જાય એમ કવિ માને છે .

**વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;**

**પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.**

ઉપરોક્ત આ પંક્તિઓમાં નરસિંહ મહેતાએ સાચા વૈષ્ણવજનના લક્ષણો બતાવ્યા છે. નરસિંહ મહેતા કહે છે કે વૈષ્ણવજન તો એને જ કહેવાય જે પીડ પરાઈ એટલે કે પારકાના દુ:ખને જાણે છે અને તેની સેવા કરે છે. તે બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થતો હોય છે. તે પારકાના દુઃખમાં ભાગીદાર પણ બને છે અને એની સેવા ચાકરી પણ કરે છે . છતાં પણ એના મનમાં જરા પણ અભિમાન થતું નથી કે મેં પારકાની સેવા કરી છે. આમ સાચો વૈષ્ણવજન પીડ પરાઈને જાણનારો અને તેની સેવા ચાકરી કરનાર હોય છે .

**સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;**

**વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે .**

ભારત દેશ તો 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનામાં માનવાવાળો દેશ છે. નરસિંહ મહેતા પણ એ જ વાત કરે છે કે, વૈષ્ણવજન સમગ્ર સૃષ્ટિના માણસોને વંદન કરે છે. બધા વિશે સારું વિચારે છે. એ કોઈની પણ ટીકા - ટિપ્પણી કે નિંદા કરતો નથી. એ નિંદા કરવામાં માનતો જ નથી. વૈષ્ણવજન તો વાચ એટલે કે વાણી અને 'કાછ' એટલે કે ચારિત્ર્યથી શુદ્ધ હોય છે. એનું મન વિવિધ દુર્ગુણોથી પર હોય છે. કવિ નરસિંહ મહેતા આવા વૈષ્ણવજનની જનનીને લાખ લાખ વંદન કરે છે. ચારિત્ર્ય અને શુદ્ધ વાણી માનવજીવનનું મહત્વનું લક્ષણ છે .

**સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત,**

**જીહ્વા થકી અસત્ય ન બોલે , પરધન નવ ઝાલે હાથ રે.**

સાચો વૈષ્ણવ જન બધા પ્રત્યે સમાન દ્રષ્ટિ રાખે છે. એને મન ઊંચનીચના ભેદભાવ જરાય હોતા નથી. એ કામવાસનાથી હંમેશા દૂર રહે છે. અને પરસ્ત્રીને મા સમાન ગણે છે. એ બીજી સ્ત્રી પરત્વે ખરાબ દ્રષ્ટિ પણ કરતો નથી. વૈષ્ણવજન ક્યારે ખરાબ કે ખોટું બોલતો નથી. હાલમાં અસત્યનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે નરસિંહ મહેતાનુ આ પદ માણસને દિશા ચીંધે છે, રાહ ચીંધે છે. એ પારકા ધનને, પરાયા ધનને હાથ પણ લગાડતો નથી.આમ, સાચો વૈષ્ણવજન કેવો હોય તેનાં લક્ષણો નરસિંહ મહેતાએ સરસ રીતે બતાવ્યા છે .

**મોહ માયા વ્યાપે નહિ તેને , દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે;**

**રામ નામ શું તાળી વાગી , સકળ તીરથ તેના તનમાં રે.**

ઉપરોક્ત પંક્તિઓમાં નરસિંહ મહેતા જણાવે છે કે વૈષ્ણવજનના મનમાં દઢ વૈરાગ્ય છે. એણે ઈન્દ્રિયો પર વિજય મળ્યો છે . એને મોહ અને માયા જરાય વિચલિત કરી શકતા નથી . અને એ રામનામનું જ સ્મરણ છે. સઘળા તીર્થોનું ધામ

એનું તન એટલે કે શરીર જ છે. તેને કોઈ પણ પ્રકારની જાત્રા કે યાત્રા કરવાની જરુર નથી. વૈષ્ણવજન જ એક તીર્થરૂપ છે .

**વણલોભીને કપટરહિત છે, કામ - ક્રોધ નિવાર્યા રે ;**

**ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યારે .**

વૈષ્ણવજન વણલોભી હોય છે. એનામાં લોભ અને મોહ લેશમાત્ર હોતો નથી. અને તે કપટથી તો ઘણો દૂર રહે છે. કામ અને ક્રોધ ઉપર એણે વિજય મેળવ્યો છે. કામ અને ક્રોધને એણે વશમાં કર્યા છે. નરસિંહ મહેતા કહે છે કે આવા ઉત્તમ વૈષ્ણવજનના દર્શન કરવાથી આપણા એકોતેર કુળનો ઉદ્ધાર થાય છે કારણ કે આવો માણસ મળવો અતિ મુશ્કેલ છે.

આમ,નરસિંહ મહેતાએ પોતાના આ પદ 'વૈષ્ણવજન' માં વૈષ્ણવજનના તમામ લક્ષણોની સરસ વાત કરી છે. આજના માણસને આ પદ યોગ્ય દિશા ચીંધી શકે તેમ છે. અત્યારના સમયમાં જ્યારે દૂષણો અને દુર્ગુણો વધી રહ્યા છે ત્યારે આ પદ જ આપણને યોગ્ય રાહ ચીંધી શકે તેમ છે. નરસિંહ મહેતાનું આ ઉપદેશાત્મક પદ હંમેશા ઉપદેશાત્મક જ રહેશે .

**સંદર્ભગ્રંથો**


1. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ગુજરાતી સાહિત્ય પરિષદ
2. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : રમેશ ત્રિવેદી
3. સત્તર સાહિત્ય સ્વરૂપો : પ્રસાદ બ્રહ્મભટ્ટ
4. નરસિંહ મહેતા : આસ્વાદ અને સ્વાધ્યાય, સંપાદક : રઘુવીર ચૌધરી
5. ગુજરાતી પાઠ્યપુસ્તક : ધોરણ 10, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ , ગાંધીનગર